46

આખી દુનિયામાં

સીનો મેટોગ્રાફના રાજાનો રાજા.

# બાયોસ્કૉપ

નું

# પ્રોગ્રામ.

બી. એમ. વર્મા.

# THE WORLD

# KING'S KING OF CINEMATOGRAPHE

## BIOSCOPE

## MOTO-ROTO-FOTO-SCOPO.

## PROGRAMME.



Publised by

B. M. VERMA.

AHMEDABAD:

The "Union" Printing P[illegible] Ld.

આખી દુનિયામાં

## સીનેમેટોગ્રાફના રાજાનો રાજા

# બાયોસ્કૉપ.

નું

# પ્રોગ્રામ.

અથવા

## મુખ્ય મુખ્ય બતાવવામાં આવતા ખેલની ટુંકી હકીકત


યોજક.

ભીમજય એમ. વર્મા.



અમદાવાદ

ધી યુનિયન પ્રીન્ટિંગ પ્રેસ કંપની 'લિમિટેડ'.

ા વખ

સંવત ૧૯૫૯ ૧૯૦૩

## મ્હારી નોંધ.

અમારા હાસ્યજનક દેખાવ સર્વે સભ્યતાવાળા છે. નાટકની પેઠે અમારા ખેલોમાં કાંઇ લજ્જાસ્પદ કે ઉઘાડા દેખાવો બતાવવામાં આવતા નથી.

કોઇ પણ વખત અને દિવસના પ્રોગ્રામમાં ખેલનો વધારો ઘટાડો અને બીજા ફેરફાર કરવાનું અમારી સગવડ અને મ્હારી સત્તા ઉપર આધાર રાખે છે.

ડી. ડી. ડી. રાજકોટ.

સુપરિસ્ટેન્ડેન્ટ.

## પ્રવેશક.

સીને મેટોગ્રાફનો રાજા બાયોસ્કોપ શું કામ કરે છે. તે હજુ કેટલાએકના જાણવા બહાર હોવાથી આ સ્થળે બતાવવા અગત્ય છે,

આજસુધી સ્વપ્ને પણ નહીં ધારેલા એવા અજાયબ અને આનંદી ખેલનો આ એક જબરજસ્ત ભંડાર છે ઘડીભર નહીં માની શકાય એવી વાતો આ બાયોસ્કોપ નજરે પ્રત્યક્ષ બતાવી આપે છે. જે હકીકત કહેવાથી કે લખવાથી સમજાવવી બહુ મુશ્કેલ થઇ પડે તે પ્રત્યક્ષ રીતે બાયોસ્કોપ નજરે બતાવી આપે છે.

દુનિયાની અંદર બનતા બધા બનાવો—જેવાને તેવા જીવતા આકારમાં બતાવી આપનાર જો કોઇ હોય તો તે આ બાયોસ્કોપજ છે. તેની પહેલી શોધ.

## ખાસ ચેતવણી

ફ્રાન્સના લાયન્સ શેહેરમાં મેશરસ ઓગષ્ટ એન્ડ લુઇસ લુમીઅરે સીનેમેટોગ્રાફ ઇસ્વીસન ૧૮૯૫ માં પહેલ વહેલો શોધી કાઢયો. અને યુરોપ અમેરિકામાં બતાવ્યો. તે પછી ઇસવીસન ૧૮૯૬ માં આજથી છ વર્ષ પહેલાં મુંબઇ શહેરમાં થોડા દિવસ બતાવવામાં આવ્યો. અને હવે લંડનનાં થીએટરોમાં બતાવવામાં આવતો. જેમાં [illegible] યા મેશ-

રસ ડબલ્યુ. ટી. સી. એલે મ્હોટા સાહસથી જે સુધારો વધારો કર્યો તે સીનેમેટોગ્રાફને **આખી દુનિયાના સીનેમેટોગ્રાફના રાજાનો રાજા–બાયોસ્કોપ** નામ આપવામાં આવ્યું. આજકાલ બાયોગ્રાફ, વિટોગ્રાફ, મોટોગ્રાફ, કીન્ડોગ્રાફ, મોટોસ્કોપ અને બીજા કેટલાએક ગ્રાફો એ સર્વ સીનેમેટોગ્રાફની નકલ કરેલી છે. પણ આખી દુનિયામાં જો કોઇ તેઓ સીનેમેટોગ્રાફનો રાજા હોય તો તે આ **બાયોસ્કોપ** જ છે.

અમારા પ્રોગ્રામની **આ ચોપડીમાં** અમે દરેક બાબતનાં ( ખેલનાં ) ચીત્રો આપ્યાં હતાં પણ તે જોઇને બીજાઓયે અમારા કામની નકલ કરવા માંડી. આવા ચાંચીયા લોકો, જેની દુષ્ટ રીતભાત બીજાના વખતનો ખર્ચ, પૈસા અને મગજની ખુવારીના પરીણામની નકલ ઉપર જીવવાની છે. તેનાથી કાંઇક પણ સાવચેત રહેવા હવેથી અમે આ પ્રોગ્રામ બુકમાં ચીત્રો આપવાં બંધ કર્યાં. તેમજ બીજી હકીકત પણ વિસ્તારથી નહીં લખતાં ટુંકામાં લખવા યોગ્ય માન્યું.

અમે બીજાના ખેલ હરી લેતા નથી. કે ખોટી રીતે દર્શાવતા નથી. અમે વારંવાર જોયું છે કે; અમારી નકલ કરનારના ખેલ ઉપર ઘણી ટીકા છપાએલ છે.

ઉંચા પ્રકારના ખેલનું સ્ટાન્ડર્ડ મેળવવા દરેકજણ યત્ન કરે છે. પણ [illegible] તે વારંવાર નકામું જાય છે. મુખ્યત્વે કરીને લ[illegible] કારણ કે અમારા કામ કરનારાને

બહુજ જોખમકારી વખતે કેટલાએક નવા ખેલ બનાવતાં જીવના જોખમમાં ઉતરવું પડે છે.

અમે નકલ કરતા નથી નકલ કરવી તેને અમે ખરેખર ખુશામત માનીયે છીયે. તોપણ હરીફોનું નવું બનાવેલ કામ જોવાને અમો ઇચ્છીયે છીયે. તેમજ કોઇ પણ પ્રકારની રહેલી ખામી સુધારવાને સલાહ અને મદદ ઇચ્છે તેને આપીયે છહીયે.

આ દુનિયા ઉપરના સર્વે સીનેમેટોગ્રાફમાં અમારો **બાયોસ્કોપ** અદેખાઇ કરે તેવા માન સાથે પહેલે નંબરે ગણાયો છે. કેમકે અમોયે હજારોને ખર્ચે આ કામ મ્હોટી હિમ્મતથી ઉઠાવી લીધું. તેમાં ખર્ચનો હિસાબ નથી. તેમજ જેમ જેમ લોકોના જાણવામાં આવે છે તેમ તેમ સંતોષ પણ મળતો જાય છે.

મુંબઇ જેવા મ્હોટા શહેરોમાં જોનારાઓની મેદની વચ્ચે મ્હોટાં થીએટરો, કંમ્પાઉંડ અને વાડામાં બેસવાની જગ્યા પુરી પડી શકી નહી ત્યારે ટીકીટો આપવી બંધ કરી. એટલે મોડા આવનારાઓએ—ટીકીટ મેળવવા માટે હલ્લો કર્યો. છેવટ તોફાનનું રૂપ થતાં પોલીસની મદદ લેવા જરૂર પડી.

બેસવાને જગ્યા હશે તોજ ટિકીટ આપવામાં આવે છે. કોઈ પણ વધારે ચાર્જ લીધા વગર ઘટતા હવાલે રીઝર્વ કરી આપવામાં આવે છે.

# ટીકીટનો ભાવ.

| ઓરચેષ્ટા | વર્ગ ૧ લો. | વર્ગ ૨ જો. | વર્ગ ૩ જો. |
|---|---|---|---|
| રૂ. ૨-૦-૦ | ૧-૮-૦ | ૧-૦-૦ | ૦-૮ ૦ |

વિદ્યાર્થી પોતાનું સર્ટીફીકેટ હાજર કરશે તો અરધો ચાર્જ લેવામાં આવે છે. તેમજ આબરૂદાર કુટુંબનાં બૈરાં માટે બેસવાને ખાસ ગોઠવણ કરી આપવામાં આવશે.

ઘટતા પોષાક વગર કોઈને તેમજ વેશ્યા સ્ત્રીઓને દાખલ કરવામાં આવશે નહીં. કોઇ પણ માણસને ટિકિટ મલ્યા છતાં દાખલ નહીં કરવાની સત્તા **બાયોસ્કોપના મેનેજર** ધરાવે છે.

આ પ્રોગ્રામ બુકમાં લખેલા ખેલો ઉપરાંત બીજા ઘણા નવા નવા ખેલો પણ બતાવામાં આવે છે કે જેનો ભંડોળ બહુજ મ્હોટો છે.

બી. એમ. વર્મા.

પ્રોપ્રાયટર બાયોસ્કોપ.

# અગત્યની ખબર.

ટ્રાન્સવાલની લડાઇમાં ઇંગ્રેજી લશ્કરે જોનાસબર્ગ લીધા પછી—બોયર લોકોની ચંચળ હિલચાલ અને તે વચ્ચે થઇને, કેપટાઉન મેલ લઈ જનાર કોનવોઈ મેળવવાની મુશ્કેલીને લીધે—જોનાસબર્ગના બનાવનો દેખાવ લેવામાં બહુ ઢીલ થયેલી છે.

વળી હમણાંજ ખબર મળી છે કે; લડાઈ ચાલતી હતી તેના દેખાવનો મ્હોટો જથો લેવામાં આવેલ તે બોયર કમાન્ડર ડીવેટે પડાવી લીધો અને તેનો નાશ કરેલ છે. પેટીયો ઉઘાડવામાં આવી અને સામાનને ચારે તરફ ફેંકી નાખી દેવામાં આવ્યો. આ મ્હોટી નુકશાની અને બીજો કેટલોએક સામાન બીજે રસ્તે ચડી જવાથી-તેમજ કેઇપની પાસેની મેગ્ઝીયનના ડુબવા સાથે સમુદ્રમાં કેટલોક સામાન લાસ જવાથી—લડાઇની બાબતના ઘણા હાસ્યજનક ખેલ વધારે આપી શકયા નથી.

તા. ૧ એપ્રીલ ૧૯૦૧. ડબલ્યુ. ટી. સી. એલ.

ઘવ.

# MOTO-ROTO-FOTO-SCOPO

THE

# BIOSCOPE

## KING'S KING OF CINEMATOGRAPHE.

આખી દુનિયામાં સિનેમેટોગ્રાફના રાજાનો રાજા

# બાયોસ્કોપ.

---

## હિંદુસ્તાનની છોડીનો નાચ.

પંજાબમાં ગાનતાનનો શોખ વધારે છે. ત્યાંના રીવાજ મુજબ એક છોડીનો નાચ, તેની સુંદર હિલચાલ અને દેશી વાજીંત્ર વગાડનાર વાજાની સાથે આવે છે જે મધુર સ્વરથી ટમ્પ્ટમ્સ, ફ્લુટસ, ડ્રમ અને સિમ્બેલથી વગાડે છે. તેથી આ દેખાવ એટલો તો સુંદર થાય છે કે; મીઠી નજરથી જોતાં ઓર આનંદ ઉપજે છે વળી તે ગાય છે.

### રાગ દેશ.

બીજલી ચમકે ડર મોહે લગે ઉમદે દલ બાદલ શ્યામઘટા.

*   *   *   *   *   *   *

*   *   *   *   *   *   *

---

૬૫૮

## જાદુગર.

પોતાના અજાયબ ખેલો કરી બતાવે છે. -

જાદુગર આવે છે અને સાધારણ રીવાજ મુજબ સલામ કરે છે. તે પોતાનું માથું કાપી લે છે. અને પોતાની પાસે ટેબલ ઉપર મુકે છે. તેને તરતજ બીજું માથું આવે છે અને તે જોનારાઓને આ ખુબીમાં કાંઈ મોહ નથી એટલે આ ખેલની અંદર કાંઈ પણ જાદુ અથવા નજરબંદીનો ખેલ નથી કે કંઈ પણ કલ્પીત નથી એમ જણાવવાને માટે તે, ટેબલ જેના ઉપર તેનું કાપેલું માથું પડેલું છે. તે ટેબલ નીચે સંકોચાઈને બેસી જાય છે.

બીજું માથું પણ ખંભેથી કાપી કાઢી નાખે છે. અને એવીજ રીતે ત્રીજું માથું પણ કાપી કાઢે છે—આ સર્વે માથાં પહેલા માથાના જેવાંજ દેખાવનાં બરાબર તેને મળતાં આવે છે તેને તરતજ ચોથું માથું આકાશમાંથી આવી ધડ સાથે એક થઇ જાય છે. અને બાકીનાં ટેબલ ઉપર પડેલ કાપી નાખેલાં ત્રણ માથાં સાથે તે વાતચિત કરે છે. તેને વાજીંત્ર વગાડવાનો શોખ થવાથી ફીડલ વગાડે છે. અને વગાડે છે તે ત્રણ કાપેલાં માથાં ગાતાં હોય એમ જણાય છે જેથી જાદુગરને તે ઠીક લાગતું નથી અને તેથી તે ત્રણમાંના બેમાથાં ઉપર ફીડલ મારે છે અને તેમ તે અદૃશ્ય થાવે છે. ત્રીજા માથાની પણ તેજ દશા થાય છે અને ... માં

કાપી ઉંચે આકાશ તરફ ઉરાડી દે છે. જે પાછું તેના ખભ ઉપર આવે છે. જાદુગર સલામ કરી રજા લઇ આરામ લેવા જતો રહે છે. અને ગાય છે.

મ્હને સહાય કરશે મોરારીરે,
વ્હારે ધાશે ગોવરધન ધારી.
અહલ્યા ઉગારી—મીરાંબાઈ તારી,
ચિંતા કરીશ નહીં મારી— મ્હને.
માંજારી બચ્ચાંને બળતાં ઉગારી,
મોક્ષ દીધો ગજેંદ્રને તારી;
દ્રૌપદીનાં ચીર પુર્યા,
થાશે તે સ્હાય કારી. મ્હને.

---

## જાદુગર.

હાજર થઈ પોતાનો ખેલ શરૂ કરે છે.

આ ખેલ જોત જોતામાં એટલી બધી હીલચાલ કરે છે. કે તેનું આ ઠેકાણે ટુંકમાં વર્ણન કરવું અશકય છે. તેમ છતાં જાદુના ખેલમાં આ સૌથી સરસ છે. કે દરેક જોનાર તેથી ખુશ થાય છે. અને બીજી વખત જોવાને મન લોભાઇ રહે છે

બહુજ અચંબાથી ભરપુર ખેલ કરી બતાવે છે. બીજાઓ અમારી નકલ કરતા હોવાથી અમે વધારે હકીકત આપી શકતા નથી.

---

# જાદુગર રાજકુમાર અને ભલી પરી.

પીલે શરાબ મજેદાર મેરે યાર,—પીલે.
જાહેર દિલકો જોશમેં લાવે,
રંજો હટાવ હજાર મેરે યાર—પીલે.
દર્દ તમામકો ગર્દ કરતહે,
શરદમેં બહોત બ્હાર મેરે યાર—પીલે.

આપણો રાજકુમાર શરાબ પીધા પછી જાદુગરને ઘેર જઈ ચડે છે. અને પોતાને માટે સ્રીની માગણી કરે છે. જાદુગર એક સ્રીને હાજર કરે છે. જેવો કુમાર તેનો હાથ લેવા જાય છે. તે તેના હાથમાં આવતો નથી પણ તે સ્રી દેખાય છે તેથી કુમાર—જાદુગરને ખરાબ શબ્દો (ગાળ) કહે છે એટલે જાદુગર કેટલાં એક રૂપ ધર્યા પછી પોતાના બચાવ માટે ઘણી ડાકણીયો લાવે છે. અને આપણા રાજકુમારને ભીખારી બનાવે છે.

આકાશમાંથી એક પરી ઉતરી આવે છે. એટલે ભીખારી બનેલો રાજકુમાર અને ભલી પરી બેઉ થઈ જાદુગરને લોઢાના પીંજરામાં શીક્ષા કરે છે. કુમાર ભીખારી વેશમાં હોવાથી વિનવે છે તેને પાછો રાજા બનાવે છે અને તેને તેની સ્રી આપે છે. જે ડાકણીયો છે તેમને અમીર અને તેની સ્રીઓ બનાવે છે અને તે જોડાના રાજ્યમાં રાજા ખુશીથી રહી રાજ્ય કરે છે.

## જાદુગરની છેલી સલામ.

જાદુગર એક ગામડીયો માણસ થઇને આવે છે તે જોતજોતામાં પોતાનું રૂપ બદલી નાખે છે અને, ફ્રેન્ચ મેન બને છે. ઇંગ્રેજી સીપાઇ બને છે. જર્મન, સ્પેનિઆર્ડ, ઇટાલીયન સ્રી, રશીયન અને તુરકી સ્રીનાં રૂપ ધરે છે. તે સાથે જુદી જુદી સાત ભાષામાં જોનારાઓનો ઘણો આભાર માની રજા લે છે.

---

## આફ્રીકામાં ઇંગ્રેજોની લડાઇ.

દુશ્મનો ફકીરના વેશમાં છુંપાતા ફરે છે. તે સંતાયેલા બે ફકીરને એક પોલીસ મળે છે. લડે છે. અને છેવટે પોલીસ ઘાયલ થઇને પડે છે. આરબ તેને પુરો કરે છે. તેટલામાં એક ઘોડેસ્વાર ધસી આવે છે. અને તે નીચે તેના મીત્ર આરબ અને બે ફકીરને ( દગાથી ) પાણીની બુમ પાડતા જુએ છે. તે કુવે જાય છે. તેનો ટોપ ભરે છે. અને ઘાયલ થયેલ પોલીસને પાય છે.

દગાખોર બે ફકીરો-સીપાઇને ( ઘોડેસ્વારને ) મારવાનો યત્ન કરે છે. તેવામાં ઘાયલ થયેલો જે પોલીસ સિપાઈ પડેલો છે. તે બંદુક છોડે છે. ને એક ફકીરને ઠાર કરે છે. અને બીજો આપણો બહાદુર સીપાઈ-બીજા ફકીરને ગુંગળાવી નાખે છે. દુશ્મનો આવતા જણાવાથી, ઘાયલ થયેલાને ઘોડા ઉપર નાખીને ટેકરી અને ખીણોમાં થઇને પાછળ પડેલ[illegible]ક છોડતો—નહીં ગણગારતાં ઘોડેસ્વાર રહી[illegible]

## આફ્રિકામાં લડાઈ મ્હોટી કતલ.

મેજર અને તેના બહાદુર માણુસો લાંબી કુચ કર્યા પછી થોડી વાર આરામ લેવાને ઉભા રહે છે. તેઓને જંગલીઓ જે કે તેની આસ પાસ ફરી વળે છે તેની બુમથી જાગી ઉઠેછે ધારેલ વધારાનું લશ્કર ઘણું મોડું પહોચ્યુ.

મેજરે તેના બહાદુર લડવૈયાઓને હુકમ કર્યો કે; આ દુષ્મનોને બતાવી આપો કે—બ્રીટીશનાં થોડાં માણુસો લડાઈમાં કેવી બહાદુરી વાપરે છે. તેણે ઉભા રહીને **તેના દેશ અને રાણીને માટે** મરતાં સુધી લડવાને હુકમ કર્યો ઘોડા પડ્યા !! અને છેવટ સુધી શુરવિરો લડયા :!! મેજર જે છેલ્લી વખતે પડયો. તે માણુસના ઢગલાને ઢાંકે છે. જંગલી અને ઘોડા—ઉપર પડે છે. અને બાકી રહેલ તેને પોતાની બહાદુરાઇ જ્યાં સુધી તે તરવારથી મરણ પામે છે ત્યાં સુધી બતાવી આપેછે. જે તરવાર તેને પાછળ રહેલ જંગલી મારે છે. મરતાં મરતાં મેજર બંદુક છોડે છે. જે પેલા જંગલીને લાગે છે. અને તે મરણ પામે છે. છેવટે મેજર પણ લાસ જાય છે. અને ભયંકર દેખાવથી શાંન્તા પ્રસરી જાયછે.

---

## ટ્રાન્સવાલમાં મહાભારત લડાઈ.

કીમબરલી નજીક થયેલી મ્હોટામાં મ્હોટી લડાઈનો આ મહાભારત દેખાવ છે. બોયરોની શોધ, મેગઝીઅન છોડવી અને છેવટ ત્રાસ જનક ઝપાઝપી બહુજ અસરકારક છે. આજ સુધી ટ્રાન્સવાલમાં થયેલી લડાઈમાં [illegible]ક આ લડાઈ છે.

## રસિક પ્રેમઘેલાનું ચુંમ્બન.

સ્નેહ પાસમાં પડેલ સુખી જોડું સંતોષમાં સુખ લેછે. ગાય છે. ખુલ્લી રીતે તેમજ અંદર ખાનેથી જોનારને બહુ ગમ્મત આપે છે.

ગઝલ.

આયા કરો ઈધરભી મેરીજાન કભી કભી.

* * * * * * *

* * * * * * *

---

## સફર મારતી રેલવે ટ્રેન.

બીચ ગાડી—લંડન અને સાઉથ વેસ્ટર્ન રેલવેના નામીચા સ્ટેશને આવે છે. ગાડી ઉભી રહે. અને બારણાં ઉઘાડી નાખવામાં આવે છે. એટલે ગાડીમાંથી ભભકાબંધ કપડાં પેહેરેલા સેંકડો માણસ ઉતરે છે. અને ચડે છે. તે પછી ગાડી ત્યાંથી ઉપડી જાય છે.

---

## સમુદ્રમાં ચાલતી સ્ટીમર અને કેપટાઉનનો દેખાવ.

પહેલાં ગોદી અને વહાણ રહેવાનાં બારા દેખાશે ત્યાં કેટલાએક યુનિયન કેસલ મેલ સ્ટીમર શીપ કમ્પનીના લાઈનર છે. કીનારો છોડી પસાર થતાં શઢ અને વરાળની ગતિ સ[illegible] દેખાશે.

---

## હાથીની કવાયત.

જેમ સરકસમાં હાથી વિના રસ પડતો નથી, તેમજ નાના કે મ્હોટા સૌ તેની રાહ જુએ છે અને જોવાને પણ દોડે છે. આ ખેલમાં ચાર મ્હોટા હાથી કસરત કરે છે તેમના કેળવનાર મ્હાવતના હુકમને તાબે રહી જેમ બને એમ તેઓ સરસ રીતે કવાયત કરી બતાવશે કે તેના જેટલી કસરત આખી દુનિઆમાં બીજા કોઇ હાથી કરી શકતા નથી. એમ જોનારાઓને કબુલજ કરવું પડે છે.

---

## મડમ ફિલિસની ઘોડાપર ફેનસી--સવારી.

આખી દુનિયામાં જો કોઇ મરદ હોય તો તે ઘોડાનીજ ઓલાદ છે. સિવાય આખી પૃથ્વિમાં બીજો કોઈ મરદ નથી મનુષ્ય જાતિમાં પુરૂષ મરદ ગણાય છે પણ પુરૂષને સ્તન હોવાથી—પ્રમદાઓના સૌંદર્ય સામે પોતાનું નરપણાનું સ્વરૂપ ભુલી જઈ ભેટે છે. તેવાં સ્તન ઘોડાની ઓલાદમાં નરને નથી તેથીજ સ્વર્ગભવન ઇંદ્રના રાજ્યમાં સપ્તમુખો અશ્વ અમર આયુષ્યથી પુજાય છે......અને સર્વ દુર્ઘટ સ્થળમાં વિજય મેળવી આપનાર, દૈવિ શુભ ચિન્હ સુચક ઘોડાની મરદાનગી જગ જાહેર છે. તેવા એક કેન્ટર નામના ઘોડાને મેડમફિલિસ એવી તો સરસ રીતે ફેરવે છે, કે જોનારાઓયે, એક અવાજે અજાયબી વચ્ચે કબુલ કરવું પડે છે. વ [illegible] ગ કો ગમ્મત સાથે ગાય છે કે;

ધીમાં! હો ધીમાં!! હો ધીમાં !!! ચાલો મારાં પ્રાણુ રે,
કમર તમારી લચકાઇ જાશે—મચકાઇ જાશે.—ધીમાં!
અશ્વ છે પ્રાણથી પ્યારો, વિશ્વમાં વ્હાલો;
દિવ્ય સ્વરૂપે શહાણો—સ્વર્ગ ભવને શોભે.—ધીમાં!
નથી જોડી જગતમાં—સરજી શ્યામે;
કન્ટર કાંન્તિ—અનુપમ.........................ધીમાં!

* * * * * * * *

* * * * * * * *

નાજુક વેવિ પુલ સમી,
કોમળ આ તુજ કાય;
ધડકે છાતિ શ્રમ થકી,
પ્રત્યક્ષ તે ઓળખાય. ધીમાં!

* * * * * * * *

પરસ્વેદનાં બીંદુ આ બાઝયા મુખે,
મુખ લાલ થયું થાક અતિ દુખે.
આ કંન્ટર પરે લ્યો વિસામો સુખે. ધીમાં!

## A VERY BEAUTIFUL WOMAN.

# CINDERELLA.

## A GRAND SPECTACULAR PRODUCTION. ILLUSTRATING EVERY SCENE OF THE FAIRY TALE.

## SUPPLEMENTED BY MARVELLOUS TRICKS, DISSOLVING SCENIC EFFECTS, BALLETS, MARCHES, & C. IN WHICH OVER 35 PEOPLE TAKE PART.

## દીવ્ય અપ્સરા.

પરીની કહેવાતી દરેક વાતના દાખલા આપતાં ઘણી વિચિત્ર હિલચાલ સાથે જોવા લાયક અસર, હાવભાવથી નાચકુચો વિગેરે જેમાં ૩૫ થી વધારે માણુસો કામે લાગશે.

આખા યુરોપ અને અમેરિકામાં એક અવાજે વખાણુ થઇ રહ્યાં છે અને હિંદના દરેક કુટુંબમાં માન પામેલો એવો જો કોઈ પણુ સુંદર દેખાવ આ દુનિયા ઉપર હોય તો તે આ દીવ્ય અપ્સરાનોજ છે કે જે સ્વર્ગનું પ્રત્યક્ષ ભાન કરાવે છે બધા મળીને વીશ ભાગ પાડેલા છે.

૧ અપ્સરા તેના રસોડામાં.
૨ પરી, ઊંદર અને ખીજમીતદારો
૩ ઉંદરનું બદલવું.
૪ કોહોળાની ગાડી બનવી.
૫ રાજાને મહેલે નાચ.
૬ મધ્ય રાત્રિનો દેખાવ.
૭ અપ્સરાની સુવાની ઓરડી.
૮ ઘડીઆળનો નાચ.
૯ સ્લીપર અને રાજકુમાર.
૧૦ અપ્સરાની ઈશ્વરી મા.
૧૧ કુંવર અને અપ્સરા.
૧૨ દેવળ પાસે આવવું.
૧૩ વિવાહ ઉત્સવ—પરણવું.
૧૪ અપ્સરાની બ્હેનો.
૧૫ રાજા રાણી અને અમીરો.
૧૬ પરણાવાની સવારી.
૧૭ કન્યાનો હાવ ભાવ સાથે નાચ.
૧૮ દીવ્ય મંડળ.
૧૯ બદલાઇ જવું.
૨૦ અપ્સરાની જીત.

વધારે વિગત માટે "ખાસ પ્રોગ્રામ ઓફ ઈંદ્રની અપ્સરા" એ નામની ચોપડી જોવી.

# ધી કોરોનેશન.

# THE CORONATION.

## OF THEEIR MAJESTIES.

## KING EDWARD VII & QUEEN ALEXANDRA.

## નામદાર શહેનશાહને તખ્ત નશીનની ક્રીયા,

અર્થાન્ત.

## રાજ્યાભિષેકના મહોત્સવ માટે.

ખાસ કોરોનેશન બુક લખવામાં આવી છે. તે વાંચવા અરજ કરવામાં આવે છે.

# તેમજ

# દીલ્હી દરબાર.

# DILHI DURABAR.

માટે.

ખાસ " દીલ્હી દરબાર સિનેમેટોગ્રાફ પ્રોગ્રામ બુક " તૈયાર થાય છે.

---

# THE W0RLD

# KING OF CINEMATOGRAPHE.

# BI0SC0PE

## MOTO-ROTO-FOTO-SCOPO.

INVENTED BY

Mr. CHARLES, URBAN. N. Y. LONDON

PROPRIETOR

B. M. VERMA. MENDARDA.

SUPERINTENDENT

D. D. RAJKOTT. INDIA.

AHMEDABAD:

The "UNION" Printing Press Co.Ld.